# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા AI Centre of Excellence ગાંધીનગરના સંયુકત ઉપક્રમે “Making Manufacturing Efficient through Advance Technologies” અંગે સેમીનારનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા AI Centre of Excellence ગાંધીનગરના સંયુકત ઉપક્રમે "Making Manufacturing Efficient through Advance Technologies" અંગે સેમીનારનું તા.૨૫-૦૪-૨૦૨૫, શુક્રવારના રોજ સાંજના ૫:૦૦ વાગે રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર દ્વારા અવાર-નવાર વિવિધ સેકટરને લગતા તેમજ સરકારશ્રીની નવી પોલીસીઓની સૌને જાણકારી મળી રહે તે માટે સેમીનારો યોજવામાં આવે છે. રાજકોટએ ઉધોગ જગતનું હબ ગણાય છે તેમજ દેશ તથા રાજયના સર્વાંગી વિકાસમાં મહત્વનો સિંહફાળો આપી રહયો છે. તેમજ સરકારશ્રી દ્વારા MSME ઉધોગને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહી હોય ત્યારે આવનારા દિવસોમાં નવીનતમ ટેકનોજી ઉધોગોના વિકાસને વેગવંતુ બનાવવામાં ખુબ જ મદદરૂપ થઈ શકશે. ત્યારે ટેકનોલોજી સાથે આપણે અપગ્રેડ થવું પડશે અને નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી ઓછા મેનપાવર સાથે વધુ કામ કરી શકાય તે માટે આજના આ સેમીનારનું આયોજન કરેલ છે જે ખુબ જ ઉપયોગી બની રહેશે.

સેમીનારના મુખ્ય વકતા AI Centre of Excellence & IoT ગાંધીનગરના શ્રી સિધ્ધાર્થ કામથએ જણાવેલ કે, આજના ઝડપી બદલતા આધુનીક અને સ્પર્ધાત્મક યુગમાં ઉત્પાદકો આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ(AI), એનાલીટીકસ અને ઈન્ટરનેટ ઓફ થીંગ્સ (IoT) જેવી આધુનીક ટેકનોલોજી આધારીત સ્માર્ટ સોલ્યુશન અપનાવીને ઉધોગોની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કરી શકે છે. ખાસ કરીને પેપર ટુ ડિઝીટલ સોલ્યુશન, પેપર પર લખવામાં આવતા ઓપરેશનલ રેકોર્ડસને ડિઝીટલ ફોર્મેટમાં રૂપાંતરીત કરી શોપફલોરના મુખ્ય પાસાઓને(KPI) ડેશબોર્ડ પર રીઅલ ટાઈમ મોનીટરીંગ દર્શાવે છે, IoT આધારીત મશીનરી મોનીટરીંગ જે સેન્ટર અને ગેટવે ડિવાઈસની મદદથી મશીનના આઉટપુટને ટ્રેક કરે છે અને ડાઉનટાઈમ ઘટાડે છે, બારકોડ અને QR કોડનો ઉપયોગ કરીને ઉત્પાદકોને કાચો માલ, વર્ક-ઈન-પ્રોગ્રેસ(WIP) અને તૈયાર પ્રોડકટસની કવાન્ટીટીને શોપફલોર પર સરળતાથી ટ્રેક કરી શકે છે, AR/VR (વર્ચ્યુઅલ રિયલિટિ) આધારીત ૩૬૦ પ્લાન્ટ વ્યુ-દુર બેઠેલા ગ્રાહકોને ઉત્પાદન ક્ષમતા સમજવામાં તેમજ કર્મચારીઓની ટ્રેનીંગમાં પણ મદદરૂપ થાય છે, વિડીયો એનાલિટિકસનો ઉપયોગ કરીને ઉત્પાદકો કર્મચારીઓની કાર્યક્ષમતા મોનીટર કરી શકે છે તથા ઉત્પાદનોની ચોકકસ ગણતરી અને સુરક્ષા સબંધિત નિયમોનું પાલન સુનિશ્ચિત કરી શકે છે જેવા વિવિધ મુદાઓ ઉપર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતિ આપવામાં આવેલ.

ત્યારબાદ સેન્ટર ફોર એન્ટરપ્રેન્યુર્સ ડેવલોપમેન્ટ, લોધીકાના સીનીયર એકઝીકયુટીવશ્રી પ્રકાશ ગોહેલએ ઉધોગોને કેવી રીતે વિકાસાવવો તેની પાયાની ટ્રેનીંગ પુરી પાડવામાં આવે છે, તેમજ સરકારની વિવિધ યોજનાઓની જાણકારી માટે તજજ્ઞોને બોલાવી જ્ઞાન આપવામાં આવે છે અને પ્રોજેકટ રીપોર્ટ, ઈન્ડસ્ટ્રી વિઝીટની સાથે વિવિધ EDP પ્રોગ્રામની જાણકારી આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત સભ્યો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે તજજ્ઞો દ્વારા સંતોષકારક પ્રત્યુતર આપવામાં આવેલ.

આ સેમીનારમાં સભ્યશ્રીઓની સાથે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા, કારોબારી સભ્યશ્રી નરેશભાઈ શેઠ, શ્રી રાજેશભાઈ જુંજા, શ્રી સત્યેનભાઈ પટેલ, શ્રી કિશોરભાઈ વઘાસીયા ઉપસ્થિત રહયા હતા. તેમજ ઉપસ્થિત સભ્યશ્રીઓનો આભાર વ્યકત અને સેમીનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.